Extra No. 100

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **THURSDAY, APRIL 2, 2026 / CHAITRA 12, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ - ૩૩ ની પેટા કલમ-૧ (આર)(૩) હેઠળનું

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૪૬૫૬ થી ૪૭૨૦/૨૦૨૬ ગુજરાત રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય / પેટા ચૂંટણીઓ એપ્રિલ -૨૦૨૬નો કાર્યક્રમ તા.૦૧/૦૪/૨૦૨૬ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ પાટણ જિલ્લામાં (૧) પાટણ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૨) પાટણ, સિધ્ધપુર, સરસ્વતી, ચાણસ્મા, હારીજ, સમી, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૩) પાટણ અને સિધ્ધપુર નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી અને (૪) રાધનપુર નગરપાલિકાના વોર્ડ નં.૨ (બે)ની પેટા ચૂંટણીનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ (રવિવાર)ના રોજ યોજાનાર છે અને મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ થનાર છે. જેથી ચૂંટણી સબબ ઉમેદવારો, રાજકીય પક્ષો, કાર્યકરો વિગેરે દ્વારા ચૂંટણીના પ્રચારના કોઈ હેતુ માટે સભા કે સરઘસોમાં માઈકનો ઉપયોગ કરી અવાજનું પ્રદુષણ રોકવા અત્યંત આવશ્યક અને અનિવાર્ય છે. તેમજ લાઉડ સ્પીકર વગાડવાથી ધ્વની પ્રદુષણથી લોકોની તંદુરસ્તીને વિપરીત અસર પહોંચે છે. લાઉડ સ્પીકરથી લોકોને ખલેલ ન પહોંચે અને લોકો / જાહેર પ્રજાને ધ્વની પ્રદુષણથી મુક્ત રાખવા માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું તુષાર ભટ્ટ (IAS), જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ ની પેટા- કલમ-૧(આર)(૩) અન્વયે મળેલ સત્તાની રૂએ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા.૦૨/૦૪/૨૦૨૬ ના ૦૦-૦૦ કલાકથી તા.૩૦/૦૪/૨૦૨૬ ના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેની વિગતે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા પર મનાઈ ફરમાવું છું.

1. પરવાનગી સિવાય ચૂંટણી પ્રચાર દરમિયાન સભા, સરઘસ કે વાહન પર માઈક વગાડી / રાખી શકાશે નહી.

2. સવારના ૦૮.૦૦ કલાકથી રાત્રિના ૧૦.૦૦ કલાક સુધી જ માઈક / લાઉડ સ્પીકરનો ઉપયોગ સબંધિત તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની પરવાનગી મેળવીને જ કરવાનો રહેશે અને પરવાનગી માટે ૪૮ કલાક પહેલા અરજી કરવાની રહેશે.

3. ઉપર મુજબ નિયત થયેલા સમય સિવાય ઉપયોગમાં લેવાયેલ કોઈપણ લાઉડ સ્પીકર કે તેની સાથે જોડાયેલ ઉપકરણો સહિત જપ્ત કરવામાં આવશે.

4. વાહનોમાં લાઉડ સ્પીકરનો ઉપયોગ કરતા તમામ રાજકીય પક્ષો, ઉમેદવારો કે કાર્યકરોએ લાઉડ સ્પીકર વાપરવા માટેની પરવાનગી આપતા સત્તા અધિકારીશ્રીને આ વાહનોની નોંધણી / ઓળખ નંબરો જણાવવા અને પરવાનગીપત્ર પર નોંધ કરવાની રહેશે.

5. લેખિત પરવાનગી વગર જે વાહનમાં લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તે વાહન, ઉપયોગમાં લેવાયેલ લાઉડ સ્પીકર અને તમામ ઉપકરણો સહિત જપ્ત કરવામાં આવશે.

6. ઉમેદવારે કે કાર્યકરે ઉપરોકત જણાવ્યા મુજબની પરવાનગી મેળવી તેની જાણ ચૂંટણી અધિકારીશ્રીને અને સ્થાનિક પોલીસ અધિકારીને કરવાની રહેશે.

7. પાટણ જિલ્લા મતવિસ્તારમાં મતદાન શાંતિથી સમાપ્ત કરવા માટે નિયત કરવામાં આવેલા સમય પહેલાના ૪૮ કલાક દરમ્યાન વાહન પર ગોઠવેલ કે અન્ય પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવો નહીં.

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ ના આંક-૨૨ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે. તેમજ સદરહું જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ દાખલ કરવાની કાર્યવાહી ફરજ પરના હાજર પોલીસ કોન્સ્ટેબલ કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓએ કરવાની રહેશે.

આજ રોજ તા. ૦૨/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

તુષાર ભટ્ટ,
જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

જાહેરનામું

-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું :-

જાહેરનામા ક્રમાંક.એમએજી (૧)/વશી/૪૭૮૬ થી ૪૮૫૦/૨૦૨૬ ગુજરાત રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય / પેટા ચૂંટણીઓ એપ્રિલ ૨૦૨૬નો કાર્યક્રમ તા.૦૧/૦૪/૨૦૨૬ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ પાટણ જિલ્લામાં (૧) પાટણ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૨) પાટણ, સિધ્ધપુર, સરસ્વતી, ચાણસ્મા, હારીજ, સમી, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૩) પાટણ અને સિધ્ધપુર નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી અને (૪) રાધનપુર નગરપાલિકાના વોર્ડ નં.૨ (બે)ની પેટા ચૂંટણીનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ (રવિવાર)ના રોજ યોજાનાર છે અને મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ થનાર છે. જીલ્લા પંચાયત, તાલુકા પંચાયતો તથા નગરપાલિકાના મતવિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુકત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટે જરૂરી શાંતિમય વાતાવરણમાં વિક્ષેપો ઉભા થાય નહી અને જાહેર સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવવા અત્યંત જરૂરી જણાતુ હોવાથી તથા ભારતના બંધારણના અનુચ્છેદ-૨૪૩ ની જોગવાઈ હેઠળ શાંતિપૂર્ણ, મુકત અને ન્યાથી વાતાવરણમાં ચૂંટણી યોજવા નિવારક પગલાંના ભાગરૂપે વિવિધ પગલાંઓ લેવાનું જરૂરી જણાતું હોવાથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ પગલાં લેવા માટેનાં પુરતા કારણો છે.

વાસ્તે, હું તુષાર ભટ્ટ (IAS), જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ જીલ્લા પંચાયત, તાલુકા પંચાયતો તથા નગરપાલિકાઓને અનુલક્ષીને જાહેર શાંતિ અને સલામતીના હિતમાં નિર્વાચન આયોગ તરફથી સંવિધાનની કલમ ૩૨૪ થી આપેલ સત્તા તથા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મને મળેલ સત્તાની રૂએ પાટણ જિલ્લામાં (૧) પાટણ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૨) પાટણ, સિધ્ધપુર, સરસ્વતી, ચાણસ્મા, હારીજ, સમી, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૩) પાટણ અને સિધ્ધપુર નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી અને (૪) રાધનપુર નગરપાલિકાના વોર્ડ નં.૨ (બે)ની પેટા ચૂંટણીના મતવિસ્તારમાં રહેતા દરેક જાતના હથિયારોના પરવાનેદારોને આદેશ કરૂ છું કે તેઓએ તેમની પાસેના પરવાનાવાળા દરેક પ્રકારના હથિયારો આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી દિન - ૭ માં જે તે લાગતા વળગતા પોલીસ સ્ટેશનમાં અનામત જમા કરાવી દેવા અને સંબંધકર્તા તમામ પોલીસ સ્ટેશનોએ તેમના પોલીસ સ્ટેશનના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં રહેતા અને હથિયાર પરવાનો ધરાવતા તમામ હથિયાર પરવાનેદારશ્રીઓ તરફથી તેમના પરવાનાવાળા હથિયારો જમા કરાવવામાં આવે તે માટેના પગલાં લેવા તેમજ આ પ્રકારે તમામ હથિયારો જમા થઈ ગયા અંગેની જાણ અત્રેની કચેરીને કરવા આદેશ કરૂ છું.

આ આદેશ જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ તરફથી અપાયેલ પરવાનાઓ સિવાય બીજા પણ દરેક હથિયાર પરવાનેદારો કે જેઓએ બીજા કોઈપણ હથિયાર પરવાના આપનાર સત્તાધિશ તરફથી હથિયાર પરવાના મેળવેલ હોય તેમને પણ લાગુ પડશે તેમજ આ આદેશ પાટણ જિલ્લામાં (૧) પાટણ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૨) પાટણ, સિધ્ધપુર, સરસ્વતી, ચાણસ્મા, હારીજ, સમી, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૩) પાટણ અને સિધ્ધપુર નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી અને (૪) રાધનપુર નગરપાલિકાના વોર્ડ નં.૨ (બે)ની પેટા ચૂંટણીના મતવિસ્તારની મુલાકાતે આવેલ તમામ હથિયાર પરવાના ધારકોને લાગુ પડશે તેમજ હથિયાર ખરીદ-વેચાણ કરતાં પરવાનેદારો હથિયાર ખરીદ-વેચાણ આ સમયગાળા દરમ્યાન કરશે તો પણ હથિયારની સોંપણી આ જાહેરનામાની તારીખથી બે માસ સુધી કે ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થતા સુધી પરવાના ધારકોને કરી શકશે નહિં તેમજ સંબંધિત પોલીસ સ્ટેશને જે તે પરવાનેદારશ્રીને તેમનું અનામત જમા લીધેલ હથિયાર તા.૩૦/૦૪/૨૦૨૬ પછી પરત કરવાનું રહેશે અને તેના માટે કોઈપણ અલગ હુકમની જરૂરીયાત રહેશે નહી.

આ આદેશમાંથી નીચે જણાવ્યા મુજબના હથિયાર પરવાનેદારશ્રીઓને મુક્તિ આપવામાં આવે છે.

A. પાટણ જિલ્લામાં (૧) પાટણ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૨) પાટણ, સિધ્ધપુર, સરસ્વતી, ચાણસ્મા, હારીજ, સમી, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૩) પાટણ અને સિધ્ધપુર નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી અને (૪) રાધનપુર નગરપાલિકાના વોર્ડ નં.૨ (બે)ની પેટા ચૂંટણી મતવિસ્તામાં આવેલ સરકારી, અર્ધસરકારી સંસ્થાઓ (બેંક, કોર્પોરેશન સહિત) સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના નામે જે હથિયાર પરવાનો ધરાવતા હોય તથા જે રાજય કે રાષ્ટ્રીય કે આંતર રાષ્ટ્રીય લેવલની શુટીંગ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પોટર્સ પર્સન છે તેમને તેમના પરવાનાવાળા હથિયારો જમા કરાવવામાંથી મુકિત આપવામાં આવે છે. પરંતુ જે તે વ્યક્તિના વ્યક્તિગત નામે ઈસ્યુ થયેલ પરવાનેદાર હથિયાર ધારકોને ઉકત આદેશમાંથી મુક્તિ મળશે નહી.

B. માન્યતા ધરાવતી સીકયુરીટી એજન્સીઓના ગનમેન કે જેઓ રાષ્ટ્રીયકૃત સહકારી કે કોમર્શીયલ બેંકો, એ.ટી.એમ. તથા કરન્સી / ચેકની લેવડ-દેવડ કરતા હોય તેવા હથિયારધારી સીકયુરીટી ગાર્ડને તેમના હથિયાર જમા કરાવવામાંથી મુક્તિ આપવામાં આવે છે. આવા સીકયુરીટી ગાર્ડ તેઓ જે તે બેંકમાં સીકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હોવાનું સબંધિત બેંક મેનેજરનું પ્રમાણપત્ર તેઓના ફોટોગ્રાફ સાથેનું પોતાની પાસે રાખવાનું રહેશે તેમજ જે તે સબંધિત બેંકના મેનેજરશ્રીએ આવા સીકયુરીટી ગાર્ડની વિગતવારની માહિતીની જાણ જે તે સંબંધિત પો.સ્ટે.ને કરવાની રહેશે અને સંબંધિત પો.સ્ટે.એ આ અંગે નિયમોનુસારની ચકાસણી કરી લેવાની રહેશે.

C. કેન્દ્ર સરકાર તેમજ રાજય સરકારના અધિકારી / કર્મચારીઓ કે જેઓને કાયદા મુજબ હથિયાર સાથે રાખવાની મંજુરી આપેલ છે અને ચૂંટણીના ફરજ ઉપર હોય તેમને લાગુ પડશે નહી.

D. જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી તથા પોલીસ અધિક્ષકશ્રીએ ખાસ પરવાનગી આપેલ હોય તેમને લાગુ પડશે નહી.

હથિયાર પરવાનેદારોએ ઉકત વિગતે તેમના પરવાનાવાળા હથિયારો જે તે લગત પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાના રહેશે, તે હથિયારના કાર્ટીજ / દારૂગોળો જમા કરાવવાની જરૂર નથી.

આ આદેશનું પાલન નહી કરનાર શસ્ત્ર અધિનિયમ ૧૯૫૯ ની કલમ ૨૫ હેઠળ સજાને પાત્ર ઠરે છે તેમજ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ પણ પગલાં લેવામાં આવશે. તેમજ સદરહું જાહેરનામાના ભંગ બદલ પોલીસ ફરિયાદ દાખલ કરવાની કાર્યવાહી ફરજ પરના એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી તેમજ સંબંધિત પોલીસ અધિકારીશ્રીએ કરવાની રહેશે.

આજ રોજ તા.૦૨/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

તુષાર ભટ્ટ,
જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

જાહેરનામું

-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું :-

જાહેરનામા ક્રમાંક.એમએજી (૧)/વશી/૪૮૫૨ થી ૪૯૧૫/૨૦૨૬.-ગુજરાત રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય / પેટા ચૂંટણીઓ એપ્રિલ ૨૦૨૬નો કાર્યક્રમ તા.૦૧/૦૪/૨૦૨૬ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ પાટણ જિલ્લામાં (૧) પાટણ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૨) પાટણ, સિધ્ધપુર, સરસ્વતી, ચાણસ્મા, હારીજ, સમી, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૩) પાટણ અને સિધ્ધપુર નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી અને (૪) રાધનપુર નગરપાલિકાના વોર્ડ નં.૨ (બે)ની પેટા ચૂંટણીનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ (રવિવાર)ના રોજ યોજાનાર છે અને મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ થનાર છે. જેનાં અનુસંધાને ચૂંટણી પ્રચાર અભિવાનરૂપે રાજકીય / બિન રાજકીય પક્ષનાં કાર્યકરો અને ચૂંટણી ઉમેદવારો તરફથી ચૂંટણી પ્રચાર ઝુંબેશ પોત પોતાના મત વિસ્તારમાં શરૂ કરવામાં આવેલ હોય, આ પ્રચારનાં હેતુ માટે તેઓ દ્વારા કે તેની સહમતિથી બીજા કોઈ વ્યક્તિ દ્વારા પ્રચાર માટે વાહનોનો ઉપયોગ કરવામાં આવશે. તે સંજોગોમાં આવા વાહનો ઉપર દેખરેખ રાખવા અને ઉમેદવારનાં પ્રચાર માટે વપરાતા વાહનોનાં સબંધમાં થતો ખર્ચ યોગ્ય રીતે જાહેર થાય તે હેતુથી અને જો આમ કરવામાં ન આવે તો તેમનાં પ્રતિસ્પર્ધી ઉમેદવારો તથા સામાન્ય જનતા તરફથી સાચી ખોટી ફરીયાદો ઉપસ્થિત થવા અને એકબીજા જૂથો વચ્ચે મનદુ:ખ અને ઘર્ષણ ઉભું થવાની સંભાવના તેમજ સુલેહ શાંતિનો ભંગ થવા સંભવ રહે છે.

વાસ્તે, હું તુષાર ભટ્ટ (IAS), જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે,

1. કોઈપણ રાજકીય પક્ષો કે બિન રાજકીય પક્ષો તેમનાં ઉમેદવારો કે તેની સહમતિથી બીજા કોઈ વ્યકિત દ્વારા ચૂંટણી પ્રચાર માટે વાહનોનો ઉપયોગ કરવામાં આવે તેવા તમામ વાહનો ચૂંટણી ઉમેદવારે તેમનાં ચૂંટણી અધિકારીશ્રી પાસે રજીસ્ટર કરાયેલ વાહન માટે અરજી કરી પરમીટ

મેળવી લેવાની રહેશે અને અસલ પરમીટ જ વાહનોની ઉપર સહેલાઈથી દેખાય આવે તે રીતે વિન્ડ સ્ક્રીન પર ચોંડવાની રહેશે. કોઈપણ સંજોગોમાં પરમીટની ફોટોકોપી ચાલશે નહિ, ઉપરાંત પરમીટ મેળવ્યા સિવાય અને વાહન રજીસ્ટર કરાવ્યા સિવાય કોઈપણ વાહનનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરી શકાશે નહીં. આ નિયંત્રણો યાંત્રિક શકિત થી કે અન્ય રીતે ચાલતા તમામ વાહનોને લાગુ પડશે.

2. ચૂંટણી પ્રચારમાં ઉપયોગમાં લેવાનાર વાહનમાં જો વધારાની એસેસરીઝ ફીટ કરાવેલ હશે તો તેના માટે આર.ટી.ઓ.ની મંજુરી રજૂ કરવાની રહેશે.

આ જાહેરનામાનો ઉલ્લંધન કરનાર અથવા ઉલ્લંધન માટે મદદ કરનાર શખ્સ સજાને પાત્ર થશે તથા તેમજ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ પણ પગલાં લેવામાં આવશે. ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ કાર્યવાહી કરવા માટે પાટણ જિલ્લાના તાલુકા પંચાયત / નગરપાલિકાઓના આચારસંહિતા નોડલ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ પાટણ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં હુકમની તારીખથી તા.૩૦/૦૪/૨૦૨૬ સુધી કરવાનો રહેશે.

આજ રોજ તા.૦૨/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

તુષાર ભટ્ટ,
જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

જાહેરનામું

રાજયના ચુંટણી પંચ તરફથી બહાર પાડવામાં આવેલ આદર્શ, આચાર સંહીતાના ભાગરૂપે અમલવારી કરવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનું

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૪૯૧૬ થી ૪૯૮૦/૨૦૨૬.-ગુજરાત રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય / પેટા ચૂંટણીઓ એપ્રિલ ૨૦૨૬નો કાર્યક્રમ તા.૦૧/૦૪/૨૦૨૬ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ પાટણ જિલ્લામાં (૧) પાટણ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૨) પાટણ, સિધ્ધપુર, સરસ્વતી, ચાણસ્મા, હારીજ, સમી, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૩) પાટણ અને સિધ્ધપુર નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી અને (૪) રાધનપુર નગરપાલિકાના વોર્ડ નં.૨ (બે)ની પેટા ચૂંટણીનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ (રવિવાર)ના રોજ યોજાનાર છે અને મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ થનાર છે. મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગે આદર્શ આચાર સંહિતા (Model Code of Conduct) બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સૂચનાઓ આપવામાં આવેલ છે. જેનો તમામ રાજકીય પક્ષો અને ચુંટણી લડતા ઉમેદવારોએ તથા તેમના કાર્યકરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહે છે. સદરહું આચાર સંહીતામાં સરકારી આરામગૃહો, ડાક બંગલાઓ તથા વિશ્રામગૃહોનો ચૂંટણીના કામે ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ છે.

વાસ્તે, હું તુષાર ભટ્ટ (IAS), જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું,

1. ચૂંટણી યોજાનાર છે તે મતદાર વિસ્તારમાં સમાવિષ્ટ તમામ ડાક બંગલાઓ, સરકારી/અર્ધસરકારી આરામગૃહો, વિશ્રામગૃહો, ફોરેસ્ટ ગેસ્ટહાઉસ તથા જાહેર સ્થળો હોય તેવા તમામ ગૃહો કે સ્થળોનો રાજકીય પક્ષોના હોદ્દેદારો, કાર્યકરો ચુંટણી લડતા ઉમેદવારો કે તેમના એજન્ટોએ રાજકીય હેતુસર અથવા ચુંટણી વિષયક પ્રચારના હેતુસર ઉપયોગ કરવા પ્રતિબંધ કરવામાં આવે છે. રાજકીય પક્ષોના સભ્યોની પ્રાસંગિક મીટીંગને પણ મંજુરી આપી શકાશે નહી.

2. ચૂંટણી પ્રચારમાં આવેલા જે મહાનુભાવોને સરકારી વિશ્રામગૃહ, અતિથિ ગૃહ વગેરેમાં રહેવા માટે રૂમ ફાળવવામાં આવી હોય તે મહાનુભાવોને લાવતા લઈ જતા વાહનને જ સરકારી વિશ્રામગૃહ / અતિથિ ગૃહ વિગેરેના કંમ્પાઉન્ડમાં રાખવાની પરવાનગી આપી શકાશે. જો તેઓ એક કરતાં વધારે વાહનોનો ઉપયોગ કરતા હોય તો તેઓ બે થી વધુ વાહનોનો વિશ્રામ ગૃહ / અતિથિ ગૃહ વિગેરેના કંમ્પાઉન્ડમાં રાખી શકાશે નહી.

3. કોઈ એક જ વ્યક્તિને ૪૮ કલાકથી વધુ સમય માટે રૂમ ફાળવી શકાશે નહીં તેમજ ચૂંટણી પ્રચાર માટે આવતા કોઈપણ મહાનુભાવોને મતદાન પુરું થવાના ૪૮ કલાક પહેલા વિશ્રામગૃહ / અતિથિ ગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમ ફાળવી શકાશે નહી તથા અતિથિ ગૃહોમાં રહેવાની વયવસ્થા પૂરી પાડવામાં આવી હશે તો તેઓની પાસેથી નકકી કરેલ સામાન્ય દરોએ પુરેપુરી વસુલાત લેવાની રહેશે.

આ જાહેરનામાનો અમલ હુકમની તારીખથી તા.૩૦/૦૪/૨૦૨૬ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાંનો ઉલ્લંધન કરનાર અથવા ઉલ્લંધન માટે મદદ કરનાર શખ્સ સજાને પાત્ર થશે તથા તેમજ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની

કલમ-૨૨૩ મુજબ પણ પગલાં લેવામાં આવશે. ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ કાર્યવાહી કરવા માટે પાટણ જિલ્લામાં જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓના ચૂંટણી અધિકારીશ્રીઓ તથા મદદનીશ ચૂંટણી અધિકારીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૦૨/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

તુષાર ભટ્ટ,
જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

જાહેરનામું

-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું :-

જાહેરનામા ક્રમાંક.એમએજી (૧)/વશી/૪૯૮૧ થી ૫૦૪૫/૨૦૨૬.-ગુજરાત રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય / પેટા ચૂંટણીઓ એપ્રિલ -૨૦૨૬નો કાર્યક્રમ તા.૦૧/૦૪/૨૦૨૬ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ પાટણ જિલ્લામાં (૧) પાટણ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૨) પાટણ, સિધ્ધપુર, સરસ્વતી, ચાણસ્મા, હારીજ, સમી, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૩) પાટણ અને સિધ્ધપુર નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી અને (૪) રાધનપુર નગરપાલિકાના વોર્ડ નં.૨ (બે)ની પેટા ચૂંટણીનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ (રવિવાર)ના રોજ યોજાનાર છે અને મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ થનાર છે. ઉમેદવારો પોતાની ઉમેદવારી ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી સમક્ષ રેલી/સરઘસ કાઢીને મોટી સંખ્યામાં વાહનો તથા ટેકેદારો સાથે રજુ કરવા જાય છે. આદર્શ આચાર સંહિતાના અમલ સબંધે ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન ઉમેદવારો ઉમેદવારી પત્ર રજુ કરવા જાય ત્યારે તેઓની સાથે ટેકેદારોની સંખ્યા અને વાહનોની સંખ્યા ઉપર નિયંત્રણ મુકેલ છે.

ચૂંટણીઓ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે ચૂંટણીતંત્ર પ્રયત્નશીલ છે. ચૂંટણી દરમ્યાન ઉમેદવારી પત્રો રજુ કરતી વખતે મોટી સંખ્યામાં ટેકેદારો તથા વાહનો આવવા સંભવ છે. આને લીધે ઉમેદવારી પત્રો સ્વીકારવાની પ્રક્રિયામાં ચૂંટણી અધિકારી કે મદદનીશ ચૂંટણી અધિકારીને અડચણ ન થાય તથા ઉમેદવારી પત્રો શાંતિ અને સરળતાથી સ્વીકારી શકે તે માટે તથા મોટી સંખ્યામાં વાહનો ભેગા થવાથી ટ્રાફીકની સમસ્યાઓ ઉભી થવા સંભવ છે. તેમજ જાહેર સુલેહશાંતિ જોખમાય તેમ હોઈ જેથી આ માટે જાહેર હીતમાં જરૂરી નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે, હું તુષાર ભટ્ટ (IAS), જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ અન્વયે અન્વયે મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, પાટણ જિલ્લામાં (૧) પાટણ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૨) પાટણ, સિધ્ધપુર, સરસ્વતી, ચાણસ્મા, હારીજ, સમી, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૩) પાટણ અને સિધ્ધપુર નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી અને (૪) રાધનપુર નગરપાલિકાના વોર્ડ નં.૨ (બે)ની પેટા ચૂંટણીના મતદાર વિસ્તારમાં,

1. ઉમેદવારો તરફથી ચૂંટણી અધિકારી કે મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને ઉમેદવારી પત્રો રજુ કરતી વખતે ઉમેદવાર સિવાય અન્ય ચાર વ્યકિતઓ મળી કુલ પાંચ વ્યકિતઓથી વધુ વ્યકિતઓ ચૂંટણી અધિકારી કે મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીની ચેમ્બર(રૂમ)માં પ્રવેશી શકશે નહી. અપક્ષ ઉમેદવાર અને બિનમાન્યતા પ્રાપ્ત પક્ષના ઉમેદવારોના કિસ્સામાં પણ ચૂંટણી અધિકારીશ્રી / મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીની કચેરીમાં ઉમેદવાર સિવાય અન્ય ચાર વ્યકિતઓ મળી કુલ પાંચ વ્યકિતઓ જ દાખલ થઈ શકશે. પરંતુ કોઈ કારણોસર દરખાસ્ત મુકનાર બીજા મતદારોને પણ ચૂંટણી અધિકારીશ્રી/ મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીની કચેરીમાં દાખલ થવુ જરૂરી જણાય તો પહેલા ચાર મતદારો બહાર નીકળે પછી બીજા મતદારો અંદર પ્રવેશી શકશે.

2. ઉમેદવારી પત્રો રજુ કરતી વખતે ચૂંટણી અધિકારી કે મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને કચેરીના ૧૦૦ મીટરની ત્રિજયામાં ઉમેદવાર કે તેમના ટેકેદાર વ્યકિતઓ કુલ ત્રણથી વધારે વાહનો લઈ જઈ શકશે નહી.

સદરહું પ્રતિબંધ તા.૨૮/૦૪/૨૦૨૬ સુધી (મતગણતરી પૂર્ણ થાય ત્યાં સુધી) અમલમાં રહેશે.

આ જાહેરનામાંનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજા તથા દંડને પાત્ર થશે. તેમજ સદરહું જાહેરનામાના ભંગ બદલ પોલીસ ફરિયાદ દાખલ કરવાની કાર્યવાહી ફરજ પરના એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી તેમજ સંબંધિત પોલીસ અધિકારીશ્રીએ કરવાની રહેશે.

આજ રોજ તા. ૦૨/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

તુષાર ભટ્ટ,
જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨ માની કલમ - ૩૭(૧)(છ) હેઠળનું

જાહેરનામા ક્રમાંક.એમએજી (૧)/વશી/૫૦૪૬ થી ૫૧૧૦/૨૦૨૬.-ગુજરાત રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય / પેટા ચૂંટણીઓ એપ્રિલ ૨૦૨૬નો કાર્યક્રમ તા.૦૧/૦૪/૨૦૨૬ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ પાટણ જિલ્લામાં (૧) પાટણ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૨) પાટણ, સિધ્ધપુર, સરસ્વતી, ચાણસ્મા, હારીજ, સમી, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૩) પાટણ અને સિધ્ધપુર નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી અને (૪) રાધનપુર નગરપાલિકાના વોર્ડ નં.૨ (બે)ની પેટા ચૂંટણીનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ (રવિવાર)ના રોજ યોજાનાર છે અને મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ થનાર છે. આ ચૂંટણીઓના પ્રચાર દરમ્યાન પાટણ જિલ્લામાં (૧) પાટણ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૨) પાટણ, સિધ્ધપુર, સરસ્વતી, ચાણસ્મા, હારીજ, સમી, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૩) પાટણ અને સિધ્ધપુર નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી અને (૪) રાધનપુર નગરપાલિકાના વોર્ડ નં.૨ (બે)ની પેટા ચૂંટણીના મતદાર મતવિસ્તારના સમગ્ર વિસ્તારોમાં આવેલા જાહેર મકાનો, ખાનગી મકાનો, માર્ગ, સાઈન બોર્ડ, માઈલ પથ્થરો વિગેરેનો ચૂંટણી પ્રચારના કામે નિરંકુશ ઉપયોગ કરી જે તે સ્થળની શોભા બગાડી સુરૂચીનો ભંગ થાય તેવી શક્યતા જણાય છે. આ પ્રવૃતિ પર અંકુશ રહે તે હેતુથી સાવચેતીના પગલાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે, હું તુષાર ભટ્ટ (IAS), જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ -૩૭(૧)(છ) થી મને મળેલ સત્તાની રૂએ પાટણ જિલ્લામાં (૧) પાટણ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૨) પાટણ, સિધ્ધપુર, સરસ્વતી, ચાણસ્મા, હારીજ, સમી, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૩) પાટણ અને સિધ્ધપુર નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી અને (૪) રાધનપુર નગરપાલિકાના વોર્ડ નં.૨ (બે)ની પેટા ચૂંટણીના સમગ્ર મતવિસ્તારમાં તા.૦૨/૦૪/૨૦૨૬ના ૦૦.૦૦ કલાકથી તા.૩૦/૦૪/૨૦૨૬ ના ૨૪.૦૦ કલાક (બન્ને દિવસો સુધ્ધાંત) સુધી નીચે મુજબ અમલવારી માટે ફરમાવું છું.

1. કોઈ ઉમેદવાર/સંગઠન/સંસ્થા અથવા પક્ષ કે તેના અનુયાયી/કાર્યકારી/સમર્થકો કે હમદર્દએ ખાનગી મકાનના માલિકની માલિકીની મિલ્કતો જમીન, મકાન, કંપાઉન્ડની દિવાલનો ચૂંટણી પ્રચાર ઝુંબેશ દરમ્યાન પોસ્ટરર્સ ચોટાડવા, ચિત્રો લખવા, પ્રતિક ચીતરવા, ધ્વજદંડ ઉભા કરવા, સુત્રો લખવા, પતાકા લટકાવવા, નોટીસો ચોંટાડવા કે પ્રદર્શિત અંગે કોઈ સ્થાનિક કાયદો ન હોય અને જો હોય તો તે કાયદાના નિયંત્રણને આધીન ખાનગી મિલ્કતના માલિક સ્વેચ્છાએ પરવાનગી આપે તો સહેલાઈથી દુર કરી શકાય તેવા જાહેરાતના ધ્વજ/બેનર્સ વિગેરે તે ખાનગી માલિકીની મિલ્કત પર લગાવી શકાશે. જો સ્થાનિક કાયદો દિવાલ પર લખાણ લખવા કે પોસ્ટર ચોટાડવા પર સ્પષ્ટ પણે મંજુરી આપતો ન હોય તો ખાનગી મિલકત પર તેની સુધારી ના શકાય તે રીતે બગાડે તેવા લખાણો કે પોસ્ટર્સ મિલ્કત માલિકીની મંજુરી મેળવીને પણ લખી શકાશે નહિ/પોસ્ટર્સ ચોટાડી શકાશે નહી. જો સ્થાનિક કાયદો ખાનગી માલિકીની મિલ્કત પર મંજુરી લઈને લખાણ લખવા કે પોસ્ટર્સ ચોટાડવા સ્પષ્ટપણે મંજુરી આપતો હોય તો ઉમેદવાર/પક્ષ મિલ્કત માલિકની અગાઉથી મંજુરી લઈને તેમ કરી શકાશે અને માલિકની મંજુરીની નકલ તેમજ તે લખાણ અને પોસ્ટર્સ ની ઝેરોક્ષ નકલ સાથે ચૂંટણી અધિકારીને કે ચૂંટણી અધિકારીએ તે માટે નિમેલા અધિકારીને ત્રણ દિવસની અંદર નિયત નમુનામાં મોકલવાની રહેશે. આવા પોસ્ટર્સ કે લખાણો પ્રજામાં ધિક્કારની અને દુશ્મનાવટની લાગણી ન ફેલાવે તેવા હોવા જોઈએ. સ્થાનિક કાયદા કે કોર્ટનો કોઈ હુકમ હોય તો તેને આધીન રાજકીય પક્ષો/ઉમેદવારો/તેઓના કાર્યકરો/તેઓની પોતાની માલિકીની મિલ્કત પર તેઓની સ્વેચ્છાએ અને કોઈપણ જાતના દબાણ વગર અને બીજાને તકલીફ ન પહોચાડે તે રીતે બેનર્સ/ધ્વજ/કટઆઉટ મુકી શકાશે અને જો આ બેનર્સ/ધ્વજ/કટઆઉટ કોઈ ચોકકસ ઉમેદવારને મત આપવા માટે જણાવતા હશે તો તેને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૧૭૬ લાગુ પડશે અને તે પ્રમાણે કોઈ પણ વ્યક્તિ ઉમેદવારની મંજુરી સિવાય તે ઉમેદવારના પ્રચારની જાહેર ખબર વિગેરે બહાર પાડી શકે નહિ અને જો તેમ કરે તો તેઓને રૂ.૫૦૦ સુધીનો દંડ થઈ શકે તેમ છે.

2. હોર્ડીંગ્સની સાઈઝ ૧૫ ફુટ x ૮ ફુટથી વધારે હોવી જોઈએ નહી.

૩. કટઆઉની ઉચાઈ ૮ ફુટથી વધવી જોઈશે નહી.

4. કટઆઉટ, જાહેરાત પાટીયા, બેનર્સ વિગેરે કોઈ સ્થળે મુકતા પહેલા તે અંગેની જાણ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી તેમજ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીને કરવાની રહેશે.

5. કોઈ ઉમેદવાર /સંગઠન/સંસ્થા અથવા પક્ષ કે તેના અનુયાયીઓ / કાર્યકારી / સમર્થકો કે હમદર્દો કોઈપણ પ્રકારની જાહેર મિલકતોનો ચૂંટણી પ્રચાર દરમ્યાન ઉપર જણાવેલ કાર્ય માટે ઉપયોગ કરી શકાશે નહિ.

જાહેર મિલ્કત એટલે જાહેર મકાનો, માર્ગો મહત્વના ચાર રસ્તા પર માર્ગ દિશા બતાવતા સાઈન બોર્ડ, ઘોરીમાર્ગ પર માઈલ પથ્થરો, રેલ્વે ફાટકના ચેતવણીના બોર્ડ, રેલ્વે પ્લેટ ફોર્મ, બસ ટર્મીનલના નામના બોર્ડ અથવા જાહેર જનતાની સગવડતા માટે પ્રદર્શિત કરેલ કોઈ અન્ય નોટીસ સાઈન બોર્ડનો સમાવેશ થશે.

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ ની કલમ-૧૩૫(૧) હેઠળ શિક્ષાને પાત્ર થશે. તેમજ સદરહું જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ દાખલ કરવાની કાર્યવાહી

ફરજ પરના હાજર પોલીસ કોન્સ્ટેબલ કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓએ કરવાની રહેશે.

આજ રોજ તા.૦૨/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

તુષાર ભટ્ટ,
જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

જાહેરનામું

-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું :-

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૫૧૧૧ થી ૫૧૭૫/૨૦૨૬.-ગુજરાત રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય / પેટા ચૂંટણીઓ એપ્રિલ ૨૦૨૬નો કાર્યક્રમ તા.૦૧/૦૪/૨૦૨૬ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ પાટણ જિલ્લામાં (૧) પાટણ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૨) પાટણ, સિધ્ધપુર, સરસ્વતી, ચાણસ્મા, હારીજ, સમી, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૩) પાટણ અને સિધ્ધપુર નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી અને (૪) રાધનપુર નગરપાલિકાના વોર્ડ નં.૨ (બે)ની પેટા ચૂંટણીનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ (રવિવાર)ના રોજ યોજાનાર છે અને મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ થનાર છે. રાજય ચૂંટણી પંચ, ગાંધીનગરનાઓના આદેશ ક્રમાંક, રાચપ / ચટણ / સીઓસી / સ્થા.સ્વ / ૧૩૮ (૧) /૧૧૨૦૨૧- ક. તા.૧૭/૧૧/૨૦૨૧માં જણાવ્યા મુજબ મતદાન પર થવા માટે નિયત થયેલ સમય સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળામાં ચૂંટણી પ્રચાર બંધ કરવાનો રહે છે. જે મુજબ પાટણ જિલ્લામાં (૧) પાટણ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૨) પાટણ, સિધ્ધપુર, સરસ્વતી, ચાણસ્મા, હારીજ, સમી, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૩) પાટણ અને સિધ્ધપુર નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી અને (૪) રાધનપુર નગરપાલિકાના વોર્ડ નં.૨ (બે)ની પેટા ચૂંટણીના મતદાર મતવિસ્તારમાં તા.૨૬/૦૪/૨૦૨૬ ના રોજ મતદાન પુર્ણ થયાના ૪૮ કલાક અગાઉ ચૂંટણી પ્રચાર બંધ કરવાનો રહેશે. તેમજ ચૂંટણી પ્રચારનો સમયગાળો પુરો થાય તે પછી રાજકીય પદાધિકારીઓએ તથા કાર્યકરોએ મતવિસ્તાર છોડી દેવો તેવી સુચનાઓ આપેલ છે.

પાટણ જિલ્લામાં (૧) પાટણ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૨) પાટણ, સિધ્ધપુર, સરસ્વતી, ચાણસ્મા, હારીજ, સમી, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૩) પાટણ અને સિધ્ધપુર નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી અને (૪) રાધનપુર નગરપાલિકાના વોર્ડ નં.૨ (બે)ની પેટા ચૂંટણીના મતવિસ્તારમાં ચૂંટણી મુકત ન્યાયી અને નિષ્પક્ષ વાતાવરણમાં યોજી શકાય તથા લોકો કોઈ પણ પ્રકારના ભય કે શેહ શરમ વગર મતદાન કરી શકે અને રાજય ચૂંટણી પંચ તરફથી આપવામાં આવેલ ઉકત સુચનાઓની ચુસ્ત અમલવારી થઈ શકે તે માટે નીચે મુજબનો હુકમ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું તુષાર ભટ્ટ (IAS), જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સતાની રૂએ પાટણ જિલ્લામાં (૧) પાટણ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૨) પાટણ, સિધ્ધપુર, સરસ્વતી, ચાણસ્મા, હારીજ, સમી, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૩) પાટણ અને સિધ્ધપુર નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી અને (૪) રાધનપુર નગરપાલિકાના વોર્ડ નં.૨ (બે)ની પેટા ચૂંટણીના મતવિસ્તારમાં તા.૨૬/૦૪/૨૦૨૬ ના રોજ મતદાન પુર્ણ થયાના ૪૮ કલાક અગાઉ નીચે મુજબની અમલવારી માટે ફરમાવું છું.

1. ચૂંટણી પ્રચારના સમયગાળા દરમ્યાન પાટણ જિલ્લામાં (૧) પાટણ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૨) પાટણ, સિધ્ધપુર, સરસ્વતી, ચાણસ્મા, હારીજ, સમી, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૩) પાટણ અને સિધ્ધપુર નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી અને (૪) રાધનપુર નગરપાલિકાના વોર્ડ નં.૨ (બે)ની પેટા ચૂંટણીના મતવિસ્તારમાં જે તે મતદાર વિસ્તાર સિવાયના બહારના વિસ્તારના રાજકીય પદાધિકારીઓ, પક્ષના કાર્યકરો, સરઘસ કાઢનારાઓ, ચૂંટણી પ્રચારકો આવેલ હોય તેઓએ પ્રચારના અંત એટલે કે તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ મતદાન પુર્ણ થયાના ૪૮ કલાક અગાઉ પાટણ જિલ્લામાં (૧) પાટણ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૨) પાટણ, સિધ્ધપુર, સરસ્વતી, ચાણસ્મા, હારીજ, સમી, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૩) પાટણ અને સિધ્ધપુર નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી અને (૪) રાધનપુર નગરપાલિકાના વોર્ડ નં.૨ (બે)ની પેટા ચૂંટણીના મતવિસ્તારના મત વિસ્તાર છોડી જતા રહેવાનું રહેશે.

2. આ જાહેરનામાની અમલવારી સુનિશ્ચિત કરવા પાટણ જિલ્લામાં (૧) પાટણ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૨) પાટણ, સિધ્ધપુર, સરસ્વતી, ચાણસ્મા, હારીજ, સમી, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૩) પાટણ અને સિધ્ધપુર નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી અને (૪) રાધનપુર નગરપાલિકાના વોર્ડ નં.૨ (બે)ની પેટા ચૂંટણી ના મતવિસ્તારમાં પોલીસતંત્ર તથા જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓએ સાર્વજનીક સભાખંડો, હોટલ, રેસ્ટોરન્ટ, વીશી તથા અતિથિ ગૃહોની ઘનિષ્ટ તપાસણી કરવી તથા મતદાર વિસ્તારની હદમાં તપાસ નાકા ઉભા કરવા અને બહારથી આવતા વાહનોની અવર જવર પર દેખરેખ અને તપાસ રાખી, ચૂંટણી પ્રચાર અર્થે બહારથી આવેલ લોકો મતદાર વિભાગમાં રોકાયેલ નહી હોવાની ખાત્રી કરવી.

આ જાહેરનામાંની પાટણ જિલ્લામાં તમામની જાણકારી અર્થે બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આ જાહેરનામાંનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજા તથા દંડને પાત્ર થશે. તેમજ સદરહું જાહેરનામાના ભંગ બદલ પોલીસ ફરિયાદ દાખલ કરવાની કાર્યવાહી ફરજ પરના એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી તેમજ સંબંધિત પોલીસ અધિકારીશ્રીએ કરવાની રહેશે.

આજ રોજ તા.૦૨/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

તુષાર ભટ્ટ,
જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

જાહેરનામું

-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું :-

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૫૧૭૬ થી ૫૨૪૦/૨૦૨૬.-ગુજરાત રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય / પેટા ચૂંટણીઓ એપ્રિલ - ૨૦૨૬નો કાર્યક્રમ તા.૦૧/૦૪/૨૦૨૬ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ પાટણ જિલ્લામાં (૧) પાટણ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૨) પાટણ, સિધ્ધપુર, સરસ્વતી, ચાણસ્મા, હારીજ, સમી, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૩) પાટણ અને સિધ્ધપુર નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી અને (૪) રાધનપુર નગરપાલિકાના વોર્ડ નં.૨ (બે)ની પેટા ચૂંટણીનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ (રવિવાર)ના રોજ યોજાનાર છે અને મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ થનાર છે. આ ચૂંટણીઓ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં સંપન્ન થાય તે માટે રાજય ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીના ઉમેદવારો તેમજ રાજકીય પક્ષો માટેની આદર્શ આચાર સંહિતા બહાર પાડવામાં આવેલી છે. આચાર સંહિતાની કેટલીક બાબતોનો અમલ સતાધારી પક્ષે પણ કરવાનો રહે છે. જે સરકારશ્રીના વિવિધ વિભાગો/ખાતાઓને સ્પર્શે છે.

આદર્શ આચાર સંહિતા બાબતે રાજયના ચૂંટણી આયોગએ આપેલ વખતોવખતની સુચનાઓ/સ્પષ્ટતાઓ મુજબ નીચેની બાબત અંગે પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું તુષાર ભટ્ટ (IAS), જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩થી મળેલ સતાની રૂએ પાટણ જિલ્લામાં (૧) પાટણ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૨) પાટણ, સિધ્ધપુર, સરસ્વતી, ચાણસ્મા, હારીજ, સમી, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૩) પાટણ અને સિધ્ધપુર નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી અને (૪) રાધનપુર નગરપાલિકાના વોર્ડ નં.૨ (બે) ની પેટા ચૂંટણીના સમગ્ર મહેસુલી વિસ્તારમાં તા.૦૨/૦૪/૨૦૨૬ થી તા.૨૮/૦૪/૨૦૨૬ (મતગણતરી પૂર્ણ થાય ત્યાં સુધી) સુધી નીચે મુજબની કાર્યવાહી કરવા ફરમાવું છું.

1. સત્તાપક્ષની સિધ્ધીઓ દર્શાવતા કોઈપણ હોડીંગ / બેનર / જાહેરાતો ચૂંટણી આદર્શ આચાર સંહિતાના અમલ દરમ્યાન સરકારી ખર્ચે પ્રદર્શિત કરી શકાશે નહિ અને જો આ રીતે પ્રદર્શિત કરેલ હોય તો તે સ્થાનિકસતામંડળોએ તાત્કાલિક દુર કરાવવાના રહેશે.

2. સત્તાપક્ષની સિધ્ધીઓ દર્શાવતી કોઈપણ જાતની જાહેર ખબરો ઈલેકટ્રોનીક મીડીયા સહીત વર્તમાનપત્રોમાંસરકારી ખર્ચે ચૂંટણી આદર્શ આચાર સંહીતાના અમલ દરમ્યાન પ્રદર્શિત કરી શકાશે નહી.

3. સત્તાપક્ષ કોઈપણ રૂપમાં કોઈપણ જાતની નાંણાકીય ગ્રાન્ટ અથવા તેના વચનોની જાહેરાત કરી શકશે નહી અથવા વિવેકાધીન ફંડમાથી ચુકવણી મંજુર કરશે નહી. (સરકારી કર્મચારી સિવાય) કોઈપણ જાતની પરીયોજના કે યોજનાની શિલારોપણ વિધિ કરશે નહી અથવા માર્ગો બાંધી આપવા, પીવાના પાણીની સગવડ કરી આપવા વગેરે અંગે કોઈ વચનો આપશે નહી. સરકારી સેવાઓ અને જાહેર સાહસોમાં કોઈપણ નિમણૂંક આપશે નહી.

4. ચૂંટણીના કામે પ્રવાસમાં આવતા કેન્દ્ર સરકારના કે અન્ય રાજયના મંત્રીઓ અને બિન સરકારી પદાધિકારીઓ વગેરેને રાજયના અતિથિ ગણી શકાશે નહી. જો તેઓને સરકારી અતિથિગૃહોમાં રહેવાની વ્યવસ્થા પુરી પાડવામાં આવી હશે તો તેઓની પાસે નકકી કરેલ સામાન્ય દરોએ પુરેપુરી વસુલાત લેવાની રહેશે.

આ જાહેરનામાંની પાટણ જિલ્લામાં તમામની જાણકારી અર્થે બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આ જાહેરનામાંનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજા તથા દંડને પાત્ર થશે. તેમજ સદરહું જાહેરનામાના ભંગ બદલ પોલીસ ફરિયાદ દાખલ કરવાની કાર્યવાહી ફરજ પરના એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી તેમજ સંબંધિત પોલીસ અધિકારીશ્રીએ કરવાની રહેશે.

આજ રોજ તા.૦૨/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

તુષાર ભટ્ટ,
જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

જાહેરનામું

-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું :-

જાહેરનામા ક્રમાંક.એમએજી (૧)/વશી/૫૨૪૧ થી ૫૩૦૫/ ૨૦૨૬.-ગુજરાત રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય / પેટા ચૂંટણીઓ એપ્રિલ - ૨૦૨૬નો કાર્યક્રમ તા.૦૧/૦૪/૨૦૨૬ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ પાટણ જિલ્લામાં (૧) પાટણ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૨) પાટણ, સિધ્ધપુર, સરસ્વતી, ચાણસ્મા, હારીજ, સમી, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૩) પાટણ અને સિધ્ધપુર નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી અને (૪) રાધનપુર નગરપાલિકાના વોર્ડ નં.૨ (બે)ની પેટા ચૂંટણીનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ (રવિવાર)ના રોજ યોજાનાર છે અને મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ થનાર છે. આ ચૂંટણીઓ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં સંપન્ન થાય તે માટે રાજય ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીના ઉમેદવારો તેમજ રાજકીય પક્ષો માટેની આદર્શ આચાર સંહિતા બહાર પાડવામાં આવેલી છે.

ચૂંટણી પ્રચાર માટે જુદા જુદા રાજકીય પક્ષોના/સ્વતંત્ર ઉમેદવારો ધ્વારા કામચલાઉ પ્રચાર કાર્યાલય મતવિસ્તારમાં ખોલવામાં આવતા હોય છે. આ અંગેની રાજયના ચૂંટણી આયોગએ આપેલ વખતોવખતની સુચનાઓ / સ્પષ્ટતાઓ આપેલી છે. જે મુજબ કાર્યવાહી કરવાની થાય છે.

વાસ્તે, હું તુષાર ભટ્ટ (IAS), જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સતાની રૂએ પાટણ જિલ્લામાં (૧) પાટણ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૨) પાટણ, સિધ્ધપુર, સરસ્વતી, ચાણસ્મા, હારીજ, સમી, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૩) પાટણ અને સિધ્ધપુર નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી અને (૪) રાધનપુર નગરપાલિકાના વોર્ડ નં.૨ (બે)ની પેટા ચૂંટણીના સમગ્ર મહેસુલી વિસ્તારમાં તા.૨૮/૦૪/૨૦૨૬ (મતગણતરી પુર્ણ થાય ત્યાં સુધી) સુધી નીચે મુજબની કાર્યવાહી કરવા ફરમાવું છું.

1. આવા પ્રચાર કાર્યાલય કોઈ જાહેર અથવા ખાનગી મિલકતમાં દબાણ / અનધિકૃત કબજો કરી ખોલી શકાશે નહિ.

2. ચૂંટણી સમયે ભાષણો, પોસ્ટરો, સંગીત વિગેર સહિત મંદિરો, મસ્જિદો, ચર્ચ, ગુરૂદ્વારા વિગેરે અથવા કોઈપણ પ્રાર્થના સ્થળોનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરી શકાશે નહિ.

3. આવા પ્રચાર કાર્યાલય કોઈપણ શૈક્ષણિક સંસ્થા કે દવાખાનાને અડીને ખોલી શકાશે નહિ.

4. આવા પ્રચાર કાર્યાલય હયાત મતદાન મથક થી ૨૦૦ મીટરની અંદરના અંતરે ખોલી શકાશે નહિં.

5. આવા પ્રચાર કાર્યાલયમાં ધ્વજ અને બેનર પક્ષના ચીન્હ / ફોટા સાથે ફકત એક જ પક્ષના પ્રદર્શિત કરી શકાશે.

આ હુકમની પાટણ જિલ્લામાં તમામની જાણકારી અર્થે બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૨૨૩ મુજબ સજા તથા દંડને પાત્ર થશે. તેમજ સદરહું જાહેરનામાના ભંગ બદલ પોલીસ ફરિયાદ દાખલ કરવાની કાર્યવાહી ફરજ પરના એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી તેમજ સંબંધિત પોલીસ અધિકારીશ્રીએ કરવાની રહેશે.

આજ રોજ તા.૦૨/૦૪/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

તુષાર ભટ્ટ,
જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

જાહેરનામું

-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું :-

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૫૩૦૬ થી ૫૩૭૦/૨૦૨૬.-ગુજરાત રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય / પેટા ચૂંટણીઓ એપ્રિલ -૨૦૨૬નો કાર્યક્રમ તા.૦૧/૦૪/૨૦૨૬ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ પાટણ જિલ્લામાં (૧) પાટણ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૨) પાટણ, સિધ્ધપુર, સરસ્વતી, ચાણસ્મા, હારીજ, સમી, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૩) પાટણ અને સિધ્ધપુર નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી અને (૪) રાધનપુર નગરપાલિકાના વોર્ડ નં.૨ (બે)ની પેટા ચૂંટણીનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ (રવિવાર)ના રોજ યોજાનાર છે અને મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ થનાર છે. મતદાનના દિવસે રાજકીય પક્ષો તથા હરીફ ઉમેદવારો દ્વારા મતદાન મથકની નજીકમાં મત આપવા માટે આવતા મતદારોને મતદાર યાદીમાંથી તેમના ભાગ નંબર, ક્રમ નંબર, નામવાળી

ઓળખ કાપલીઓ આપવા જાહેર રસ્તાઓ પર ટેબલ ખુરશીઓ મુકવામાં આવે છે. જેનાથી મત આપવા આવતા મતદારો તથા અવર-જવર કરતા લોકોને અને ટ્રાફીકને અડચણ કરતા હોય છે. મતદારો સરળતાથી મત આપવા આવી શકે અને પરત જઈ શકે તથા ટ્રાફીકને કોઈ અવરોધ ન થાય તે માટે રાજયના ચૂંટણી પંચે આદર્શ આચાર સંહિતાના અમલ સબંધે જરૂરી નિયંત્રણો મુકેલ છે.

પાટણ જિલ્લામાં (૧) પાટણ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૨) પાટણ, સિધ્ધપુર, સરસ્વતી, ચાણસ્મા, હારીજ, સમી, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૩) પાટણ અને સિધ્ધપુર નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી અને (૪) રાધનપુર નગરપાલિકાના વોર્ડ નં.૨ (બે)ની પેટા ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના એજન્ટો/કાર્યકરો ધ્વારા જાહેર રસ્તાઓ ઉપર ટેબલ તથા ખુરશીઓ ગોઠવવામાં આવે છે. જેનાથી લોકોમાં ભય, હરકત અથવા અગવડ ન થાય તેટલા માટે રસ્તામાં તથા સાર્વજનિક જગા ઉપર કોઈ પ્રકારે રાહદારી તથા મત આપવા જનાર લોકોને અગવડ ઉભી ન થાય તે માટે જાહેર હિતમાં નિયંત્રણ મુકવા જરૂરી છે.

વાસ્તે, હું તુષાર ભટ્ટ (IAS), જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સતાની રૂએ હુકમ કરું છું કે, પાટણ ૧) પાટણ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૨) પાટણ, સિધ્ધપુર, સરસ્વતી, ચાણસ્મા, હારીજ, સમી, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૩) પાટણ અને સિધ્ધપુર નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી અને (૪) રાધનપુર નગરપાલિકાના વોર્ડ નં.૨ (બે)ની પેટા ચૂંટણીના મતવિસ્તાર માટે,

1. મતદાનના દિવસે મતદાન મથકના મકાનથી ૨૦૦ મીટરની ત્રિજયા બહાર મતદારોને ઓળખ કાપલીઓ આપવા માટે કોઈપણ ઉમેદવાર ઈચ્છે તો એક ટેબલ, બે ખુરશી મુકી શકશે. ટેબલ પર મંડપ બાંધી છાંયડો કરી શકશે, પરંતુ તેને કવર્ડ કરી શકશે નહી તથા આ ટેબલ પર ઉમેદવાર તથા પક્ષનું નામ અને નિશાન સાથેનું ફકત એક જ બેનર ૩ ફુટ × ૪ ૧/૨ ફુટ સાઈઝનું મુકી શકશે. આવું ટેબલ મુકવા માટે જે તે ઉમેદવારે સબંધિત ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને અગાઉથી મતદાન મથકનું નામ, નંબર અને જે જગ્યાએ ટેબલ મુકવા તેમજ મંડપ બાંધવાનો હોઈ તે જગ્યાના નામ સાથે જાણ કરવી જોઈશે અને સ્થાનિક સત્તા મંડળ (નગરપાલિકા, ગ્રામ પંચાયત વિગેરે) ના સક્ષમ અધિકારીની પરવાનગી મેળવી લેવાની રહેશે અને મેળવેલ પરવાનગી જયારે કોઈપણ અધિકારી જોવા માંગે ત્યારે રજુ કરવાની રહેશે.

2. મંજુરી મેળવેલ ટેબલ-ખુરશી ટ્રાફીકને અવરોધ ન થાય તે રીતે મુકવાના રહેશે.

3. મતદારોને જે સ્લીપ આપવામાં આવે તેમાં ઉમેદવારનું નામ / ચિન્હ પ્રતિક અથવા રાજકીય પક્ષનું નામ લખેલું હોવું જોઈશે નહીં.

4. મંડપમાં મતદાન મથકમાં મતદાનની પ્રક્રિયામાં અડચણ (હરકત) ઉભી ન થાય તેની તકેદારી રાખવાની રહેશે. મતદાર કોઈપણ ઉમેદવારના મંડપમાં સ્લીપ લેવા જઈ શકશે. તેમ કરતાં કોઈપણ પ્રકારે કોઈ દ્વારા તેને અટકાવી શકાશે નહી. મંડપમાનાં કાર્યકરો સુમેળભર્યા વાતાવરણમાં જ કાર્યવાહી કરી શકશે.

5. મત આપીને પરત આવતા મતદારો આ ટેબલ ઉપર એકઠા થઈ શકશે નહી. આ જાહેરનામાંની પાટણ જિલ્લામાં તમામની જાણકારી અર્થે બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આ જાહેરનામાંનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજા તથા દંડને પાત્ર થશે. તેમજ સદરહું જાહેરનામાના ભંગ બદલ પોલીસ ફરિયાદ દાખલ કરવાની કાર્યવાહી ફરજ પરના એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી તેમજ સંબંધિત પોલીસ અધિકારીશ્રીએ કરવાની રહેશે.

આજ રોજ તા.૦૨/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

તુષાર ભટ્ટ,
જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

જાહેરનામું

-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું :-

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૫૩૭૧ થી ૫૪૩૫, ૨૦૨૬.-ગુજરાત રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય / પેટા ચૂંટણીઓ એપ્રિલ ૨૦૨૬નો કાર્યક્રમ તા.૦૧/૦૪/૨૦૨૬ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ પાટણ જિલ્લામાં (૧) પાટણ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૨) પાટણ, સિધ્ધપુર, સરસ્વતી, ચાણસ્મા, હારીજ, સમી, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૩) પાટણ અને સિધ્ધપુર નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી અને (૪) રાધનપુર નગરપાલિકાના વોર્ડ નં.૨ (બે)ની પેટા ચૂંટણીનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ (રવિવાર)ના રોજ યોજાનાર છે અને મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ થનાર છે. આ ચૂંટણીઓ દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાય રહે તે માટે તેમજ ચૂંટણી મુકત, ન્યાયી અને પવિત્ર રીતે થાય તે માટે મતદાન મથકમાં તથા તેની નજીક પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું તુષાર ભટ્ટ (IAS), જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છું કે, તા.૨૬/૦૪/૨૦૨૫ના રોજ મતદાનના દિવસે મતદાન મથકની અંદર તથા મતદાન મથકથી ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં આવેલ કોઈ જાહેર કે ખાનગી સ્થળે કોઈપણ વ્યક્તિએ નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

1. ચૂંટણીમાં કોઈપણ વ્યક્તિને તેનો મત આપવા માટે સમજાવવા.

2. ચૂંટણીમાં કોઈપણ વ્યકિતને તેનો મત ન આપવા માટે સમજાવવા.

3. ચૂંટણીમાં કોઈપણ રીતે કોઈ વ્યક્તિના મતદાનને અસર પહોંચાડવાની કોશીશ કરવી.

4. મત માટે પ્રચાર કરવો.

5. કોઈ મતદારને મત આપવા આગ્રહપૂર્વક વિનંતી કરવી.

6. અમુક ઉમેદવારને મત ન આપવા માટે કોઈ મતદારને સમજાવવા.

7. કોઈ મતદારને ચૂંટણીમાં મત ન આપવા સમજાવવા.

8. ચૂંટણીને લગતી (સરકારી નોટીસ સિવાયની) કોઈ નોટીસ કે નિશાનીઓ પ્રદર્શિત કરવી.

9. સેલ્યુલર ફોન, હેન્ડસેટ વોકીટોકી, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ વગેરે લઈ જવાની

10. મતદાન મથકની હદમાં સંબંધિત મતદાર, ઉમેદવાર કે તેના અધિકૃત ચૂંટણી એજન્ટ, ઉમેદવારોના અધિકૃત પોલીંગ એજન્ટો, ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલ કર્મચારીઓ તથા અધિકારીઓ તથા ચૂંટણી પંચ તરફથી અધિકૃત કરેલ વ્યકિતઓ સિવાયની વ્યકિત પ્રવેશી શકશે નહી.

11. આ આદેશોનો ભંગ કરીને જો કોઈ વ્યકિત પાસે મોબાઈલ, સેલ્યુલર ફોન, હેન્ડસેટ વોકીટોકી, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ વિગેરે જેવા સાધનો મળી આવશે, તો સ્થળ પરના સુરક્ષા અધિકારીઓ આ સાધનો જમ્ન કરી શકશે.

આ હુકમમાં નીચે મુજબની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીશ્રીઓ અને મતદાન મથક નજીક ફરજ ઉપર મુકેલ સલામતી કર્મચારીઓ તેમની વિધિસર ફરજો બજાવવા સેલ્યુલર ફોન, હેન્ડસેટ, વોકીટોકી, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ વગેરેનો ઉપયોગ કરી શકશે. મતદાન મથકે નિમવામાં આવેલા કર્મચારીઓ પૈકી ફકત પ્રિસાઈન્ડીંગ ઓફીસર અને ચૂંટણી પંચ ના નિરીક્ષક / સેકટર ઓફીસર / માઈક્રો સ્ટેટીક ઓબ્ઝર્વર અથવા જિલ્લા ચૂંટણી અધિકારીએ નિમેલા અધિકારી મતદાન મથકમાં તેમની વિધિસરની ફરજો દરમ્યાન આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

આ જાહેરનામાંની પાટણ જિલ્લામાં તમામની જાણકારી અર્થે બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આ જાહેરનામાંનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંધન માટે મદદ કરનાર ભારતીય દંડ સંહીતાની કલમ ૧૮૮ મુજબ સજા તથા દંડને પાત્ર થશે. તેમજ સદરહું જાહેરનામાના ભંગ બદલ પોલીસ ફરિયાદ દાખલ કરવાની કાર્યવાહી ફરજ પરના એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી તેમજ સંબંધિત પોલીસ અધિકારીશ્રીએ કરવાની રહેશે.

આજ રોજ તા.૦૨/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

તુષાર ભટ્ટ,
જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

જાહેરનામું

-: ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ ૧૪૨ અન્વયે :-

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૫૫૦૧ થી ૫૫૬૫ /૨૦૨૬.-ગુજરાત રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય / પેટા ચૂંટણીઓ એપ્રિલ ૨૦૨૬નો કાર્યક્રમ તા.૦૧/૦૪/૨૦૨૬ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ પાટણ જિલ્લામાં (૧) પાટણ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૨) પાટણ, સિધ્ધપુર, સરસ્વતી, ચાણસ્મા, હારીજ, સમી, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૩) પાટણ અને સિધ્ધપુર નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી અને (૪) રાધનપુર નગરપાલિકાના વોર્ડ નં.૨ (બે)ની પેટા ચૂંટણીનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ (રવિવાર)ના રોજ યોજાનાર છે અને મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ થનાર છે. આ ચૂંટણી દરમ્યાન સમગ્ર પાટણ જિલ્લામાં મતદારોની સાચી પસંદગીની છબી ઉપસાવે તેવી શાંતિ, સ્વચ્છ અને સ્વતંત્ર ચૂંટણી યોજાય તેવું વાતાવરણ સર્જવા તથા ચૂંટણી દરમ્યાન નશીલા પદાર્થોના ઉપયોગની અસર અને જાહેર જીવનને પરેશાન કરે તેવી શક્યતા નિવારવા તેમજ જાહેર સુમેળ અને કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા સારુ અને જાહેર શાંતિ અને સલામતી જળવાય રહે તે માટે ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ-૧૪૨ થી મને મળેલ સત્તાની રૂએ હું, તુષાર ભટ્ટ (IAS), જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ આથી આદેશ આપુ છું કે, સમગ્ર પાટણ જિલ્લામાં મદ્ય અને નશીલા પદાર્થોનું વેચાણ કરવા માટે પરવાનો ધરાવતી વ્યકિતઓએ ચૂંટણી તેમજ મતગણતરી દરમ્યાન નીચેના દિવસોએ મધ અને નશીલા પદાર્થોનું વેચાણ સ્થળ / દુકાન, હોટલ, રેસ્ટોરન્ટ, કલબ, દારૂનું પીઠું કે બીજા કોઈપણ સ્થળ કે, જયાં કેફી / નશીલા પદાર્થોનું વેચાણ થતું હોય તેવા સ્થળો બંધ રાખવા.

1. મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ નો સમય પુરો થવાના કલાકની સાથે પુરા થાય તે રીતે ૪૮ કલાકનો સમય

2. મતગણતરીના દિવસનો આગળનો દિવસ તા.૨૭/૦૪/૨૦૨૬

3. મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ નો દિવસ

4. મતગણતરીના તરત પછીનો દિવસ તા.૨૯/૦૪/૨૦૨૬ ઉપરોક્ત દિવસોને ડ્રાઈ ડે તરીકે જાહેર કરવામાં આવે છે.

આ જાહેરનામાંનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ તેમજ ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ ૬૮ તથા ૯૦ ની જોગવાઈ મુજબ સજા અથવા દંડ અથવા તે બનેંની સજાને પાત્ર થશે. તેમજ સદરહું જાહેરનામાના ભંગ બદલ પોલીસ ફરિયાદ દાખલ કરવાની કાર્યવાહી ફરજ પરના એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી તેમજ સંબંધિત પોલીસ અધિકારીશ્રીએ કરવાની રહેશે.

આજ રોજ તા.૦૨/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

તુષાર ભટ્ટ,
જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

જાહેરનામું

-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું :-

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૫૪૩૬ થી ૫૫૦૦/૨૦૨૫૬.-ગુજરાત રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય / પેટા ચૂંટણીઓ એપ્રિલ ૨૦૨૬નો કાર્યક્રમ તા.૦૧/૦૪/૨૦૨૬ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ પાટણ જિલ્લામાં (૧) પાટણ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૨) પાટણ, સિધ્ધપુર, સરસ્વતી, ચાણસ્મા, હારીજ, સમી, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૩) પાટણ અને સિધ્ધપુર નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી અને (૪) રાધનપુર નગરપાલિકાના વોર્ડ નં.૨ (બે)ની પેટા ચૂંટણીનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ (રવિવાર)ના રોજ યોજાનાર છે અને મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ થનાર છે. આદર્શ આચાર સંહિતાના અમલ સબંધે ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન પરવાનેદાર વ્યકિતએ શસ્ત્રો કે હથિયારો લઈ જવા ઉપર નિયંત્રણ રાખવાની જરૂર છે.

ચૂંટણીઓ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે ચૂંટણી તંત્ર પ્રયત્નશીલ છે તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન કોઈ વ્યકિતને અડચણ, ત્રાસ કે નુકસાન અથવા લોકોના જાન, સ્વાસ્થય કે સલામતીને થતું જોખમ અથવા જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે જાહેરમાં શસ્ત્રો કે હથિયારો લઈને ફરવા ઉપર નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

વાસ્તે, તુષાર ભટ્ટ (IAS), જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સતાની રૂએ હુકમ કરું છું કે, પાટણ જિલ્લામાં (૧) પાટણ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૨) પાટણ, સિધ્ધપુર, સરસ્વતી, ચાણસ્મા, હારીજ, સમી, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૩) પાટણ અને સિધ્ધપુર નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી અને (૪) રાધનપુર નગરપાલિકાના વોર્ડ નં.૨ (બે)ની પેટા ચૂંટણીના મતવિસ્તારમાં કોઈપણ વ્યકિત પરવાનો ધરાવતી હશે તો પણ પોતાની સાથે શસ્ત્રો કે હથિયાર સાથે લઈ જઈ કે ફરી શકશે નહી.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

1. સરકારી નોકરીનું કામકાજ કરતી કોઈ વ્યકિત તેની ફરજના ભાગ રૂપે તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું હથિયાર લઈ જવાની ફરજ હોય

આ જાહેરનામાંની પાટણ જિલ્લામાં તમામની જાણકારી અર્થે બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આ જાહેરનામાંનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ - ૨૨૩ મુજબ સજા તથા દંડને પાત્ર થશે. તેમજ સદરહું જાહેરનામાના ભંગ બદલ પોલીસ ફરિયાદ દાખલ કરવાની કાર્યવાહી ફરજ પરના એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી તેમજ સંબંધિત પોલીસ અધિકારીશ્રીએ કરવાની રહેશે.

સદરહું પ્રતિબંધ તા.૨૮/૦૪/૨૦૨૬ સુધી (મતગણતરી પૂર્ણ થાય ત્યાં સુધી) અમલમાં રહેશે. આજ રોજ તા. ૦૨/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

તુષાર ભટ્ટ,
જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ ૩૬ (૧) અને (૪) મુજબ

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૫૫૬૬ થી ૫૬૩૦/૨૦૨૬.-ગુજરાત રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય / પેટા ચૂંટણીઓ એપ્રિલ - ૨૦૨૬નો કાર્યક્રમ તા.૦૧/૦૪/૨૦૨૬ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ પાટણ જિલ્લામાં (૧) પાટણ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૨) પાટણ, સિધ્ધપુર, સરસ્વતી, ચાણસ્મા, હારીજ, સમી, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૩) પાટણ અને સિધ્ધપુર નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી અને (૪) રાધનપુર નગરપાલિકાના વોર્ડ નં.૨ (બે)ની પેટા ચૂંટણીનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ (રવિવાર)ના રોજ યોજાનાર છે અને મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ થનાર છે. જેથી મતદાન મથકો ઉપર મોટી સંખ્યામાં મતદારો પોતાના મત આપવા એકઠા થવાનો સંભવ છે. જે સ્થળોએ મતદાન થનાર છે તે મતદાન મથકો ઉપર તથા તેની નજીકના વિસ્તારોમાં તા.૨૬/૦૪/૨૦૨૬ ના રોજ અડચણ થતી અટકાવવા તથા વ્યવસ્થા જાળવવા પગલાં લેવા જરૂરી છે.

વાસ્તે, હું તુષાર ભટ્ટ (IAS), જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૬(ગ) અને (ઘ) થી મને મળેલ સતાની રૂએ ફરમાવું છું કે, સદરહું ચૂંટણીમાં મતાધિકાર વાપરનાર તમામ મતદારોએ

1. જે મતદાન મથકો ઉપર મત આપવા જવાનું છે તે મતદાન મથકોના અધિકૃત પ્રવેશ સ્થાન પાસે એક લાઈનમાં ઉભા રહેવું અને જો સ્ત્રીઓ માટે જુદી લાઈન હોય તો તેમાં તેણીએ ઉભા રહેવું.

2. મતદારે મતદાન મથકમાં લાઈનમુજબ પોતાના વારા પ્રમાણે એક પછી એક દાખલ થવું.

3. મતદારે પોતાનો મત આપ્યા પછી મતદાન મથક તથા તેના વિસ્તારમાંથી તુરત જ ચાલ્યા જવું.

આ જાહેરનામું તા.૨૬/૦૪/૨૦૨૬ ના દિવસ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાંનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ સામે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૪ મુજબ સજા તથા દંડને પાત્ર થશે. તેમજ સદરહું જાહેરનામાના ભંગ બદલ પોલીસ ફરિયાદ દાખલ કરવાની કાર્યવાહી ફરજ પરના એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી તેમજ સંબંધિત પોલીસ અધિકારીશ્રીએ કરવાની રહેશે.

આજ રોજ તા.૦૨/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

તુષાર ભટ્ટ,
જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

જાહેરનામું

-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું :-

જાહેરનામા ક્રમાંક.એમએજી (૧)/વશી/૪૭૨૧ થી ૪૭૮૫/૨૦૨૬.-ગુજરાત રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય / પેટા ચૂંટણીઓ એપ્રિલ - ૨૦૨૬નો કાર્યક્રમ તા.૦૧/૦૪/૨૦૨૬ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ પાટણ જિલ્લામાં (૧) પાટણ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૨) પાટણ, સિધ્ધપુર, સરસ્વતી, ચાણસ્મા, હારીજ, સમી, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૩) પાટણ અને સિધ્ધપુર નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી અને (૪) રાધનપુર નગરપાલિકાના વોર્ડ નં.૨ (બે)ની પેટા ચૂંટણીનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ (રવિવાર)ના રોજ યોજાનાર છે અને મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ થનાર છે. મતદાનનું કામ સુચારૂ રીતે જળવાઈ રહે તે હેતુથી મતદાન મથકમાં પ્રવેશ નિયંત્રણ માટેરાજય ચૂંટણી આયોગ તરફથી સુચનાઓ આપવામાં આવેલ છે.

પાટણ જિલ્લામાં (૧) પાટણ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૨) પાટણ, સિધ્ધપુર, સરસ્વતી, ચાણસ્મા, હારીજ, સમી, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૩) પાટણ અને સિધ્ધપુર નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી અને (૪) રાધનપુર નગરપાલિકાના વોર્ડ નં.૨ (બે)ની પેટા ચૂંટણીઓ મુકત, ન્યાયી અને નિષ્પક્ષ વાતાવરણમાં યોજી શકાય તથા લોકો કોઈપણ પ્રકારના ભય કે શેહશરમ વગર મતદાન કરી શકે અને રાજય ચૂંટણી આયોગ તરફથી આપવામાં આવેલ ઉકત સુચનાઓની ચુસ્ત અમલવારી થઈ શકે તે માટે નીચે મુજબનો હુકમ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું તુષાર ભટ્ટ (IAS), જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ પાટણ જિલ્લામાં (૧) પાટણ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૨) પાટણ, સિધ્ધપુર, સરસ્વતી, ચાણસ્મા, હારીજ, સમી, શંખેશ્વર, રાધનપુર અને

સાંતલપુર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૩) પાટણ અને સિધ્ધપુર નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી અને (૪) રાધનપુર નગરપાલિકાના વોર્ડ નં.૨ (બે)ની પેટા ચૂંટણીના મતવિસ્તારમાં તા.૨૬/૦૪/૨૦૨૬ ના રોજ મતદાન મથકમાં પ્રવેશવા અંગે નીચે મુજબની સુચનાઓની અમલવારી માટે ફરમાવું છું.

1. મતદાન મથકે ફાળવેલા મતદારો ઉપરાંત નીચેની વ્યકિતઓ મતદાન મથકમાં પ્રવેશ કરી શકશે.

A. મતદાન અધિકારીઓ

B. દરેક ઉમેદવાર, તેનો ચૂંટણી એજન્ટ અને દરેક ઉમેદવારના એકી વખતે એક મતદાન એજન્ટ

c. પંચે અધિકૃત કરેલી વ્યકિતઓ જેમ કે, માધ્યમોની વ્યકિત

D. ચૂંટણી અંગેની ફરજ પરના સરકારી કર્મચારીઓ

E. પંચે નિયુકત કરેલા નિરીક્ષકો

F. માઈક્રો ઓબ્ઝર્વર્સ, વિડીયોગ્રાફર્સ/અગત્યના/સંવેદનશીલ મતદાન મથકોની બાબતમાં વેબકાસ્ટીંગ માટેનો કર્મચારી વર્ગ

G. મતદારે તેડયુ હોય તે બાળક

H. કોઈની મદદ વગર હરી ફરી શકે તેમ ન હોય તેવા અંધ કે અશકત મતદારની સાથે આવતી વ્યકિત

1. મતદારોને ઓળખી બતાવવા કે મતદાનના કાર્યમાં મદદ કરવા માટે મતદાન મથકના પ્રમુખ અધિકારી દાખલ થવા દે તેવી બીજી વ્યક્તિઓ.

2. ઉમેદવારો તથા તેમના 3 ચૂંટણી એજન્ટોએ જરૂર જણાયે તેમની ઓળખના આધારો રજુ કરવાના રહેશે.

3. કોઈપણ ફરજ પડે તેવા કારણ સિવાય પોલીસ અધિકારીઓએ મતદાન મથકમાં પ્રવેશ કરવો નહિ.

4. ઝેડ પ્લસ સુરક્ષા ધરાવતી વ્યક્તિના એક જ સલામતી કર્મચારી સિવાય મતદાર / ઉમેદવાર / ચૂંટણી એજન્ટ / મતદાન એજન્ટ સાથેના સલામતી કર્મચારી મતદાન મથકમાં પ્રવેશ કરી શકશે નહી.

5. કાયદો અને વ્યવસ્થા જાળવવા મતદાન મથકમાં એક જ સમયે માત્ર ત્રણ અથવા ચાર મતદારો દાખલ થઈ શકશે.

6. અધિકૃત પત્ર સાથે મતદાન મથકમાં દાખલ થયેલ પરંતુ શંકાસ્પદ જણાતી વ્યકિતની જડતી લઈ શકશે.

7. ચૂંટણી પંચના કાયદેસરના અધિકૃતી પત્ર સિવાય મતદાન મથકમાં કોઈ પ્રવેશ કરી શકશે નહિ.

8. મતદાન મથકના પ્રમુખ અધિકારીએ તેમની સહાય માટે રોકેલા અન્ય કોઈ અધિકારી કે મદદનીશ મતદાન અધિકારીને પણ જરૂર જણાય ત્યારે જ મતદાન મથકની અંદર પ્રવેશવા દેવા.

આ જાહેરનામું તા.૨૬/૦૪/૨૦૨૬ ના દિવસ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાંનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ સજા તથા દંડને પાત્ર થશે. તેમજ સદરહું જાહેરનામાના ભંગ બદલ પોલીસ ફરિયાદ દાખલ કરવાની કાર્યવાહી ફરજ પરના એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી તેમજ સંબંધિત પોલીસ અધિકારીશ્રીએ કરવાની રહેશે.

આજ રોજ તા.૦૨/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

તુષાર ભટ્ટ
જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.05.15 17:32:07 IST